પ્રાપ્ત વિગત મુજબ સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ગૃહ વિભાગના પરીપત્ર મુજબ અમરેલી જીલ્લા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જેમા અમરેલી જીલ્લા જેલમાથી વચગાળાના જામીન મેળવી હાજર નહી થયેલા ફરાર કેદીઓને ઝડપી લેવા એલ.સી.બી. ટીમ પેરોલ ફ્લો ટીમ દ્વારા કવાયત હાથ ધરવામાં આવેલ હતી. કાચા-પાકા કામના કેદીઓના વચગાળાના જામીન ગત તા. ૧-૧-૨૦૨૧ના રોજ પુરા થતા હતા પરંતુ તેમ છતા આવા કેદીઓ જેલમાં હાજર થયેલ ન હતા જેમા જાકરઈબ્રાહીમ રફાઈ, સલીમ જુસબ લાંબા, ફિરોજ ઈબ્રાહીમ રફાઈ, ગટુ ઓઘડવાળા, દલ સુખ છેલશંકર રાવળ, ઈમરાન રહીમ કાળવાતર, મુકેશ વલ્લભ ઝાપડીયા, અતુલ ધનજી બેરડીયા, ધીરૂ નારણ ભીલ, રતિ પરબત મકવાણા, હમીર નનુ સિંધવ, કૌશિક હરી સોલંકી, અશરફ રસુલ બેગ, સંજય ભગવાન માંગરોળીયા, ચિથર લાખા ચૌહાણ, રહેશ જયંતિ મકવાણા,ધર્મેશ વલ્લભ લાડવા, શિવલાલ ઉર્ફે કાળુ દાના ચાવડા, સહિત ૧૮ કેદીઓને ઝડપી લેવામાં આવેલ હતી.

ઉપલેટાના નિલાખા ગામે પરિણીતાએ સાસરીયાના ત્રાસથી કરેલો આપઘાત

સાસુ-સસરા નણંદ સહિત ૫ સામે ફરિયાદઃ એકની ધરપકડ તપાસ ચાલું

(પ્રતિનિધિ દ્વારા)

ઉપલેટા તા. ૧૩

ઉપલેટા તાલુકાના નિલાખા ગામે રહેતી આહિર પરીણીતા સરોજબેન સુધિરભાઈ જલું (ઉ.વ.૪૦) વાળીએ ગઈ કાલે સાસરીયાના ત્રાસથી નિલાખા ગામે આવેલ કુવામાં પડી આપઘાત કરતા આ બનાવ આહિર સમાજમાં ચર્ચાનો વિષય બનેલ છે

આ અંગે સરોજબેન જલું ના ભાઈ સંજયભાઈ વીરાભાઈ વીરડાએ ઉપલેટા પોલીસમાં મરનારના સસરા નારણભાઈ જેશુરભાઈ જલું , સાસું વજીબેન નારણભાઈ જલુ, દીયર સુમિતભાઈ નારણભાઈ જલું, નણંદ બાળાબેન પ્રવીણભાઈ વીરડા એન મામાજી સસરા નટુભાઈ ઉર્ફે કાળાભાઈ હમીરભાઈ હુંબલ સામે



ફરીયાદ નોંધાવેલ છે. જેમાં પોતાની બહેનને માર મારી શારીરીક માનસીક ત્રાસ આપી અવાર-નવાર ચીજ-વસ્તુઓ માંગતા હોવાનું અને આ ત્રાસથી પોતાની બહેને કુવામાં પડી આપઘાત કર્યાનું જણાવતા પોલીસે સરોજબેનના દીયર સુમીતભાઈ નારણભાઈ જલુની ધરપકડ કરેલ હતી. જ્યારે બાકીનાની તપાસ ચાલું છે. દરમ્યાન સરોજબેનના ભાઈ સરોજબેન વીરડાએ પત્રકારોને જણાવેલ હતું કે મારી બહેને કુવામાં પડી આપઘાત કર્યો હોવાની જાણ તેઓના સાસરીયાઓને હોવા છતાં તેઓએ અમોને જાણ પણ કરેલ ન હતી અમોને પાડોશીઓએ ફોન કરી બનાવની જાણ કરી ત્યારે અમને ખબર પડી હતી. સરોજબેનને બે સંતાનો હોવાનું તેઓએ જણાવેલ છે આમ આ બનાવ બનતા સરોજબેનના સાસરીયા સામે ઉપલેટા પી.આઈ.રાણા સાહેબએ ગુન્હો દાખલ કરી તપાસ કરી આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરેલ છે.

ગોંડલમાં વિકાસને કમુરતા નડ્યા !

ગુંદાળા રોડ પર બુગદાને પેક કરવાનું કામ અટકી પડતા કોંગ્રેસ દ્વારા યોજાયો કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

ગોંડલ તા. ૧૩

શહેરમાં સતત ટ્રાફિકથી ધમધમતા રહેતા ગુંદાળા રોડ પર પેટ્રોલ પમ્પ, સ્કૂલ તેમજ અઢળક સોસાયટીઓ આવેલી હોય આ રોડ પર દોઢ વર્ષ પહેલા પાલિકા તંત્ર દ્વારા બુગદાને આરસીસી થી પેક કરવાનું કામ હાથ ધરાયું હોય પરંતુ કેટલાક સમયથી જાણે આ કાર્યને કમુરતા નડ્યા હોય તેમ કોન્ટ્રાક્ટર દ્વારા કામ બંધ કરી દેવાતા લોકોને ભારે યાતના નો સામનો કરવો પડી રહ્યો હોય યુવા કોંગ્રેસ પ્રમુખ ધર્મેશ બુટાણી, ઋષભરાજ પરમાર, મોહિત પાભર, પી એ ઝાલા, અંકુર સાટોડીયા, સુરેશભાઈ ભટ્ટી સહિતનાઓએ ઉપરોક્ત સ્થળે પહોંચી વેપારીઓ અને લતાવાસીઓ ને એકઠા કરી તેઓની સમસ્યાને વાચા આપતો "વિકાસને કમુરતા નડ્યા" એવા કાર્યક્રમ નું આયોજન કર્યું હતું.આ સાથે કોંગ્રેસીઓ એ જણાવ્યું હતું કે પાલિકાના સત્તાધીશો દ્વારા વિકાસના નામે માત્ર ને માત્ર મનમાની જ કરવામાં આવી છે. રોડ રસ્તાના કામો નો ભ્રષ્ટાચાર લોકોને આંખે વળગી રહ્યો છે સુરેશ્વર મહાદેવ જવાના રસ્તે બે ત્રણ વર્ષ પહેલા બાંધવામાં આવેલ આરસીસી પુલના સળિયા દેખાઈ ગયા છે આ જગ્યા પર આગામી દિવસોમાં કોંગ્રેસીઓ દ્વારા વિકાસના અસ્થિ વિસર્જન જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે તેવું જણાવાયું હતું



(તસ્વીરઃજીતેન્દ્ર આચાર્ય-ગોંડલ)

ગડુ (શેરબાગ) પંથકની જનતાને આશિર્વાદરૂપ ટ્રેન બંધ હોવાથી મુશ્કેલી

વહેલી તકે ટ્રેનો શરૂ કરવા લોકમાંગ

(પ્રતિનિધિ દ્વારા)

ગડુ (શેરબાગ) તા.૧૩

કોરોના મહામારીને કારણે વેરાવળથી ગડુ રાજકોટ અમદાવાદ તરફ આવતી જતી ઈન્ટરસીટી અને લોકલ ટ્રેનો છેલ્લા ૧૦ મહિનાઓથી બંધ કરવામાં આવી છે. રેલ્વે દ્વારા અમુક ટ્રેનો ચાલુ કરવામાં આવી છે, પણ ગડુથી સવારે ૭ વાગ્યે નીકળતી વેરાવળ અમદાવાદ ઈન્ટરસીટી અને અન્ય લોકલ ટ્રેનો બંધ છે અને ઓખા મુંબઈ (સૌરાષ્ટ્ર મેલ) ચાલુ કરેલ છે. પણ આ ટ્રેનમાં વેરાવળથી રાજકોટ ટ્રેનના ડબ્બાઓ જોડી દેતા હતા.

રેલ્વે દ્વારા આ કોચના જોડવા સુચના આપતા ગડુ (શેરબાગ) અને ગ્રામ્ય પંથકના લોકોને ભારે હાલાકી પડી રહી છે. આ વિસ્તારના ગ્રામીણ લોકો ટ્રેન ઉપર જ નિર્ભર રહે છે. પરંતુ છેલ્લા ૧૦ માસથી ટ્રેનો બંધ હોવાથી નાના, ગરીબ, જુનાગઢ, જેતપુર ડાઈંગમાં અને રાજકોટ ખારખાનામાં કામ કરતા મધ્યમ ગરીબ વર્ગના અપડાઉન કરતા લોકો તથા વૃધ્ધો અને બીમાર લોકોને કે જેને રાજકોટ અમદાવાદ સારવાર માટે જવામાં ભારે હાલાકી પડી રહી છે. ટ્રેનો બંધ હોવાથી ના છુટકે પ્રાઈવેટ વાહનો અને એસટીમાં મોંઘા ભાડા આપી લોકોને અવર જવર કરવી પડે છે. કોરોનાને કારણે ધંધા રોજગાર નબળા હોવાથી ઘર ગુજરાન ચલાવવામાં પણ મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. લોક ચર્ચા પ્રમાણે જો ટ્રેનો શરૂ કરવામાં નહીં આવે તો આવનારી સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ભાજપને પ્રજાના રોષનો સામનો કરવો પડી શકે છે. તો વહેલી તકે ટ્રેનો શરૂ કરવા લોક માંગણી ઉઠી છે.

ભાવનગરમાં ભરણપોષણ નહીં ચુકવનાર પતિ દેવને ૪ માસની જેલ

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર તા.૧૩

ભાવનગર શહેરના વાસ્કેટગેટ વિસ્તારમાં રહેતા પરણિતાનો ભરણપોષણનો કેસ અત્રેની ફેમીલી કોર્ટમાં ચાલતો હોય અદાલતે ભરણ પોષણ નકકી કરેલ હોય છતા પતિ ભરણ પોષણની રકમ નહીં ચુકવતા ફેમીલી કોર્ટે પતિને ચાર માસની કેદની સજા ફટકારી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આ કામના અરજદાર રેખાબેન હરીશભાઈ ગોહિલ (રહે. વાલ્કેટ ગેટ ભાવનગર) નામની પરણિતાએ તેણીના પતિ હરીશભાઈ મગનભાઈ ગોહિલ (રહે. દામનગર) સામે ભરણ પોષણના કેસ ફેમીલી કોર્ટમાં વર્ષ ૨૦૧૯માં દાખલ કર્યો હતો. અદાલતે ભરણ પોષણની રકમ નકકી કરી આપી હતી. તેમ છતા માતા તથા પુત્રીનું ચડત ભરણપોષણની રકમ રૂા.૨૦,૦૦૦ મેળવવા અરજી કરેલી જેમાં તેમના પતિ હાજર થઈ અવાર નવાર અદાલત સમક્ષ મુદ્દતો માંગેલી પરંતુ ચડત રકમ નહીં ચુકવતા ભરણ પોષણ પેટે રકમ નહીં ભરતા છેવટે ભાવનગરની ફેમીલી કોર્ટના જજ મન્સુરીએ અરજદારના વકીલ વિજયભાઈ ઘુમડીયાની અસરકારક દલીલો ધ્યાને રાખી આ કામના આરોપી હરીશભાઈ ગોહિલને કુલ ૧૨૦ દિવસ એટલે કે ૪ માસની સાદી કેદની સજા ફટકારી આરોપીને જેલ હવાલે કરવા હુકમ કર્યો હતો.

પોરબંદર–છાંયા નગરપાલિકા

–:: ઈ–ટેન્ડરીંગ નિવિદા::–

ચીફ ઓફીસર, પોરબંદર–છાંયા નગરપાલિકા દવારા રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી નીચેના કામના ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

વ્યવસાય વેરા (૫૦%) સને ૨૦૧૪–૧૫ ગ્રાન્ટ

ક્રમ	કામની વિગત	અંદાજીત રકમ	ઈએમડી	ટેન્ડર ફી
૧	પોરબંદર શહેરના હિન્દુ સ્મશાન ભુમિમાં આવેલ ગ્રાઉન્ડનું ડેવલપમેન્ટ કરવાનું કામ	૪૧,૪૦,૨૯૯/-	૪૧,૫૦૦/-	૪૧૫૦/-

ઈએમડી તથા ડોકયુમેન્ટ ફી ચીફ ઓફીસર, પોરબંદર–છાંયા નગરપાલિકાની તરફેણમાં ભરવાની રહેશે. સદરહુ કામની ઈ–ટેન્ડર ડોકયુમેન્ટ તથા ઈ–ટેન્ડરને લગતી વધુ માહિતી માટે http://www.nagarpalika.nprocure.com પર લોગ ઓન કરવુ અથવા પોરબંદર નગરપાલિકાની બાંધકામ શાખાનો સંપર્ક કરવો ભરેલ ઈ–ટેન્ડર ઈલેકટ્રોનીક ફોર્મેટમાં વેબ સાઈટ http://www.nagarpalika.nprocure.com પર ડીજીટલ સહી સાથે ઓન લાઈન સબમીટ કરવાનું રહેશે. તા.૧૩.૦૧.૨૦૨૧ થી ઈ–ટેન્ડર ઓનલાઈન જોઈ શકાશે. ઓન લાઈન ઈ–ટેન્ડર ભરવાની છેલ્લી તા.૨૯.૦૧.૨૦૨૧ છે. અને ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીટ કરવાની છેલ્લી તા.૦૬.૦૨.૨૦૨૧ છે. ઓન લાઈન ટેકનીકલબીડ તા.૦૮.૦૨.૨૦૨૧ ને સવારના ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. તથા પ્રાઈઝબિડ તા.૦૯.૦૨.૨૦૨૧ ને બપોરના ૧૨:૩૦ કલાકે ખોલવામાં આવશે.

ચીફ ઓફીસર
અને
વહીવટદાર
પોરબંદર–છાંયા નગરપાલિકા

ફોર્મ-સીએએ-૨

(કંપની (સમજૂતીઓ, વ્યવસ્થાઓ અને એકીકરણો) નિયમો, ૨૦૧૬ની કલમ ૨૩૦(૩) અને નિયમ ૬ અનુસાર)

ધ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ પીઠ સમક્ષ

કંપની સ્કીમ એપ્લીકેશન ક્રમાંક સીએ (સીએએ) ક્રમાંક ૨૦૨૦ ના નં. ૮૪

કંપનીઝ એકટ ૨૦૧૩ ના સંદર્ભમાં અને કંપનીઝ એકટ ૨૦૧૩ ના ૨૩૦ થી ૨૩૨ સુધીના વિભાગો સંદર્ભે અને કંપનીઝ એકટના અન્ય લાગુ પડતા પ્રોવિઝન અનુસંધાને

ભદ્રા ટેકસટાઈલ્સ એન્ડ ટ્રેડીંગ પ્રાઈવેટ લીમીટેડ અને વિલા ટ્રેડીંગ કંપની પ્રાઈવેટ લીમીટેડ ના ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ સાથે એકીકરણ તથા તેઓના સંબંધિત શેર ધારકોની બાબતમાં

ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ......... અરજદાર કંપની

અરજદાર કંપનીના ઈક્વિટી શેરધારકો માટે નોટીસ અને મીટીંગ સંદર્ભે જાહેરખબર

આથી નોટીસ આપવામાં આવે છે કે, ઉપરોકત કંપનીની સ્કીમ એપ્લીકેશન (ધ'ઓર્ડર')માં તા. ૧૮ ડીસેમ્બર ૨૦૨૦ ના હુકમ દ્વારા, નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ પીઠ ('એનસીએલટી' અથવા 'ટ્રીબ્યુનલ')એ સાથે સાથે નિર્દેશ આપેલ છે કે, ભદ્રા ટેકસટાઈલ્સ એન્ડ ટ્રેડીંગ પ્રાઈવેટ લીમીટેડ ('ભદ્રા' અથવા 'ધ ટ્રાન્સફરર કંપની-૧') અને વિલા ટ્રેડીંગ કંપની પ્રાઈવેટ લીમીટેડ ('વીટીસીપીએલ' અથવા 'ધ ટ્રાન્સફરર કંપની-૨')ના ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ ('ધ ટ્રાન્સફરી કંપની') સાથે તથા તેઓના સંબંધિત શેરધારકો અને લેણદારો ('ધ સ્કીમ')ના એકીકરણની પ્રસ્તાવિત યોજના અંગે વિચારણા કરવા તથા જો યોગ્ય જણાય તો, તેને બહાલી આપવા માટે તા. ૨૨ મી ફેબ્રુઆરી ૨૦૨૧ સોમવાર ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ, સિદ્ધીગ્રામ, પીઓ-પ્રશ્નાવાડા, બીઓ વાયા સુત્રાપાડા, એસઓ (તાલુકા) પીન કોડ-૩૬૨૨૭૫, જી.ગીરસોમનાથ, ગુજરાત ખાતે કંપનીના શેરધારકોની સભા બોલાવવામાં આવે. આ સ્કીમની મંજુરી અંગે જો શેરધારકો દ્વારા બહાલી આપવામાં આવશે તો આ યોજના નામદાર ટ્રીબ્યુનલની તત્પશ્ચાત મંજુરીને આધિન રહેશે.

સભાસદોએ પણ નોંધ લે કે, તેઓ દ્વારા ડાઉનલોડ માટે નોટીસ કંપનીની વેબસાઈટ http://gscl.mehtagroup.com/investors/scheme-of-amalgamation ઉપર ઉપલબ્ધ હશે, ઉપરોકત દસ્તાવેજની ભૌતિક નકલ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસે વિનામૂલ્યે પ્રાપ્ય હશે. કોઈપણ માહિતી માટે, સભાસદ કંપનીના ઈ-મેઈલ આઈ.ડી. gsclinvestorquery@mehtagroup.com પર વિનંતી મોકલી શકશે.

નામદાર ટ્રીબ્યુનલે સભાના અધ્યક્ષ થવા માટે શ્રી રવિ કપુર, પ્રેકટીસીંગ કંપની સેક્રેટરીની અથવા તેઓ નિષ્ફળ ગયે શ્રી તૃપલકુમાર પટેલ પ્રેકટીસીંગ ચાર્ટડ એકાઉન્ટન્ટની અથવા તેઓ નિષ્ફળ ગયે શ્રી તેજસ પી. પંડયા, એડવોકેટ ને ચેરમેન/ચેરપર્સન મીટીંગ માટે નિમણુંક કરેલ છે.

શેરધારકોનો મતાધિકાર તા. ૮ મી જાન્યુઆરી ૨૦૨૧ શુક્રવાર ('રેકોર્ડ તારીખ/કટ ઓફ તારીખ') ના રોજ કામકાજના કલાકોની સમાપ્તિએ કંપનીમાં તેઓના શેરધારણના પ્રમાણમાં રહેશે. સભામાં મત આપવા ઉપરાંત લાગુ પડવા પાત્ર નિયંત્રક જોગવાઈઓ અનુસાર, કંપનીએ તેમના ઈક્વિટી શેરધારકોને પોસ્ટલ બેલેટ અથવા ધ નેશનલ સીક્યુરીટીઝ ડીપોઝીટરી લીમીટેડ ('એનએસડીએલ') દ્વારા આપવામાં આવેલ સુવિધાનો ઉપયોગ કરીને રીમોટ ઇ-વોટીંગ દ્વારા તેઓનો મત આપવા માટેની સુવિધા પુરી પાડેલ છે. પોસ્ટલ બેલેટ અને રીમોટ ઇ-વોટીંગ અંગે વધુ માહિતી માટે શેરધારકો આ નોટીસ સાથેની 'નોંધ' જોઈ શકે છે.અને આ મુજબની કંપનીની નોટીસ તમામ શેરધારકો કે જેઓના નામ રજીસ્ટ્રાર ઓફ મેમ્બર્સ ઓફ ધ કંપનીમાં તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૦ ના રોજ નોંધાયેલા છે તેઓને મોકલી અપાયેલ છે.

સભામાં હાજરી આપવા અને મત આપવા માટે હકદાર સભાસદ મતદાન માટે તેમનાવતી હાજરી આપવા અને મત આપવા માટે પ્રોકસીની નિમણુંક કરવાને હકદાર છે અને પ્રોકસી સભાસદ હોવાનું જરૂરી નથી. પ્રોકસીને અસરકારક બનાવવા માટે કંપની દ્વારા પ્રોકસી ફોર્મ તેની રજીસ્ટર્ડ ઓફીસે સભાના ૪૮ કલાકથી ઓછો નહીં તેટલા સમયમાં પ્રાપ્ત થયું હોવું જોઈએ.

સભાસદો દ્વારા મતદાન :

કંપની (સમજુતીઓ, વ્યવસ્થાઓ અને એકીકરણો) નિયમો, ૨૦૧૬ ની કલમ ૨૩૦ ની જોગવાઈઓનું અને ધ કંપનીઝ એકટ, ૨૦૧૩ ની અન્ય લાગુ પડવા પાત્ર જોગવાઈઓનું તેમજ સમયાંતરે સંશોધીત સીક્યુરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર ક્રમાંક સીએફડી/ડીઆઈએલ-૩/સીઆઈઆર/૨૦૧૭/૨૧ તા. ૧૦ માર્ચ ૨૦૧૭ ('સેબી સર્કયુલર')નું પાલન કરતા, સભાખાતે વિચારણામાં લેવા માટે પ્રસ્તાવિત ઠરાવો ઉપર સભાસદોને (૧) પોસ્ટલ બેલેટ (૨) રીમોટ ઇ-વોટીંગ (એનએસડીએલ દ્વારા આપવામાં આવેલ ઇલેકટ્રોનિક વોટીંગ સિસ્ટમના ઉપયોગ દ્વારા) અને (૩) સભાના સ્થળે મતદાન (મતપત્રક) દ્વારા તેઓનો મત આપવા માટેની સુવિધા પુરી પાડતા કંપનીને આનંદ થાય છે.

સભાસદો મતદાનની ઉપરોકત રીતો એટલે કે, રીમોટ ઇ-વોટીંગ, પોસ્ટલ બેલેટ અથવા સભા સ્થળે મતદાન પૈકી કોઈપણ એક રીતને જ પસંદ કરી શકશે. જો સભાસદે રીમોટ ઇ-વોટીંગની પસંદગી કરી હોય તો તેણે/તેણીએ પોસ્ટલ બેલેટથી અને તેથી વિપરિત રીતે મત આપવો જોઈએ નહીં. આમ છતાં જો સભાસદો તેઓના મત પોસ્ટલ બેલેટ અને રીમોટ ઇ-વોટીંગ બન્ને દ્વારા આપશે તો રીમોટ ઇ-વોટીંગ પ્રભાવિ ગણાશે અને પોસ્ટલ બેલેટ દ્વારા આપવામાં આવેલ મતદાનને અમાન્ય ગણવામાં આવશે એ સ્પષ્ટ કરવામાં આવે છે કે પોસ્ટલ બેલેટ દ્વારા અથવા રીમોટ ઇ-વોટીંગ દ્વારા મત આપવાથી સભાસદ સભામાં હાજરી આપવાને બિનહકદાર થઈ જતો નથી. આમ છતાં તેણે/તેણીએ સભામાં ફરી મત આપવા દેવામાં આવશે નહીં.

નામદાર ટ્રીબ્યુનલની સુચના અનુસાર, રીમોટ ઇ-વોટીંગ અથવા પોસ્ટલ બેલેટ દ્વારા આપવામાં આવેલા મતો અને સભાના સ્થળે મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા માટે શ્રી સચિન આહુજા (સભ્ય નં. ૧૦૯૦૧૯) કે જેઓ મે. સચિન આહુજા એન્ડ એસોસીએટસ, ચાર્ટડ એકાઉન્ટન્ટસની તેમજ તેઓ નિષ્ફળ ગયે શ્રીમતિ રાગીણી ચોકસી (સભ્ય નં. ૨૩૯૦) કે જેઓ મે. રાગીણી ચોકસી એન્ડ કાું. પ્રેકટીસીંગ કંપની સેક્રેટરીસ નિરીક્ષક તરીકે કામ કરશે.

મતદાનનો સમય તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૧ શુક્રવારના સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે અને તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૧ રવિવારના સાંજે ૫:૦૦ કલાકે સમાપ્ત થશે. આ અવધિ દરમિયાન, રેકોર્ડ તારીખ/કટઓફ તારીખના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરીયલાઈઝડ સ્વરૂપમાં શેર ધરાવતા કંપનીના સભાસદો ઈલેકટ્રોનિકલી અથવા પોસ્ટલ બેલેટ મારફત તેઓના મત આપી શકશે. ત્યારબાદ ઇ-વોટીંગ મોડ્યુલને એનએસડીએલ દ્વારા મતદાન માટે બંધ કરી દેવામાં આવશે.

રીમોટ ઈ-વોટીંગ માટે સુચનાઓ :-

રેકોર્ડ તારીખ/કટઓફ તારીખના રોજ સભાસદ છે તે સભાસદોને રીમોટ ઇ-વોટીંગ સુવિધાનો લાભ લેવા માટે આ સુચના પત્રમાં લોગઈન આઈડી અને પાસવર્ડ આપવામાં આવે છે, આમ છતાં જો આપ રીમોટ ઇ-વોટીંગ માટે એનએસડીએલ સાથે રજીસ્ટર્ડ હો તો આપે મત આપવા માટે આપના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરવો જોઈએ. જો આપ આપનો પાસવર્ડ ભુલી ગયા હો તો www.evoting.nsdl.com પર પ્રાપ્ય 'ફોરગોટ યુઝર ડીટેઈલ્સ/પાસવર્ડ' અથવા 'ફીઝીકલ યુઝર રીસેટ પાસવર્ડ' નો ઉપયોગ કરીને અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર એનએસડીએલનો સંપર્ક કરીને આપ આપનો પાસવર્ડ સેટ કરી શકો છો.

પોસ્ટલ બેલેટ માટે સુચનાઓ :

(૧) પોસ્ટલ બેલેટની સુવિધાઓનો લાભ લેવા ઈચ્છુક સભાસદોને પોસ્ટલ બેલેટ ફોર્મની પાછળ મુદ્રીત સુચનાઓને ધ્યાનપૂર્વક વાંચવાની તથા સંમતિ (તરફેણ) અથવા અસંમતિ (વિરૂધ્ધ) સાથે યોગ્ય રીતે ભરેલ પત્રક મે. લીંક ઈન ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ (યુનીટ : ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ), સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિખરોલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૮૩ને તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૧ રવિવારના સાંજના ૫:૦૦ કલાકે આઈએસટી પહેલા પહોંચી જાય એ રીતે બંધ પ્રિપેઈડ બિઝનેસ એનવેલપમાં પરત મોકલી આપવાની વિનંતી કરવામાં આવે છે.

(૨) જેમને ઈ-મેઈલ દ્વારા નોટીસ પ્રાપ્ત થયેલ અને જેઓ પોસ્ટલ બેલેટ દ્વારા મત આપવા માંગે છે તે સભાસદો કંપનીની વેબસાઈટ http://gscl.mehtagroup.com/investors/scheme-ofamalgamation પરથી પોસ્ટલ બેલેટ ફોર્મ ડાઉનલોડ કરી શકે છે.

(૩) જો સભાસદ મુદ્રિત ડુપ્લીકેટ પોસ્ટલ બેલેટ ફોર્મ મેળવવાની ઈચ્છા ધરાવતો હોય તો તે અથવા તેણી કંપનીના રજીસ્ટ્રાર અને શેરટ્રાન્સફર એજન્ટ ('આરટીએ')ને rnt.helpdesk@linkintime.co.in અથવા sharad.patkar@linkintime.co.in પર ઈ-મેઈલ મોકલી શકે છે. આરટીએ તેને પોસ્ટેજ પ્રિ-પેઈડ સેલ્ફ એડ્રેસ્ડ બીઝનેસ રીપ્લાઈ એન્વેલપમાં સભાસદને મોકલશે.

(૪) પોસ્ટલ બેલેટ ફોર્મના અન્ય કોઈ ફોર્મની પરવાનગી નથી.

(૫) કંપનીઝ, ટ્રસ્ટ, મંડળીઓ વગેરે દ્વારા ધારણ કરવામાં આવેલ ઈક્વિટી શેરના કિસ્સામાં યોગ્ય રીતે ભરેલા પોસ્ટલ બેલેટ ફોર્મની સાથે બોર્ડના ઠરાવ/ઓથોરીટી લેટરની પ્રમાણિત ખરી નકલ હોવી જોઈએ.

જાહેર કરવામાં આવેલા પરિણામો નિરીક્ષકના અહેવાલ સાથે ઘોષણા પછી તુરંત જ કંપની વેબસાઈટ http://gscl.mehtagroup.com/investors/scheme-ofamalgamation ઉપર મુકવામાં આવશે. કંપનીના શેર જયાં લીસ્ટ થયેલા છે તેણે એટલે કે, બીએસઈ લીમીટેડને www.bseindia.com અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લીમીટેડની વેબસાઈટ www.nseindia.com સ્ટોક એકસચેન્જને પણ તુરંત જ મોકલવામાં આવશે અને કંપનીની રજીસ્ટર ઓફીસ ખાતે નોટીસબોર્ડ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.

આજ ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ના દિવસે

રજીસ્ટર્ડ ઓફીસ :

સિધ્ધીગ્રામ, PO- પ્રશ્નાવાડા BO, વાયા સુત્રાપાડા
SO (તાલુકા), પિન : ૩૬૨૨૭૫, જીલ્લો ગીર - સોમનાથ, ગુજરાત
E-mail : gsclinvestorquery@mehtagroup.com
Website : www.gujaratsidheecementlimited.com
(CIN : L26940GJ1973PLC002245)

સહી/-
રવિ કપુર
સભા માટે નિયુકત અધ્યક્ષ

રાજકોટમાં રોજગારીની શોધમાં ચિંતિત યુવકે ફાંસો ખાઈ જિંદગી ટુંકાવી

અકસ્માતે ઈજા બાદ કામ નહિ થતું હોવાથી પ્રૌઢનો અને છાત્રાનો ફાસો ખાઈ આપઘાત

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૩

રાજકોટમાં આત્મહત્યાનો સિલસિલો હજુપણ યથાવત રહેવા પામ્યો છે કોઠારીયા રોડ ઉપર રોજગારીની શોધમાં ચિંતિત રહેતા યુવાને ફાસો ખાઈ આપઘાત કરી લીધો છે જયારે બેડી હડમતીયા ગામે અકસ્માતે ઈજા થયા બાદ હાથ કામ નહિ કરતો હોવાથી પ્રૌઢે અને નવાગામમાં ધોરણ ૯ની છાત્રાએ અગમ્ય કારણોસર ફાસો ખાઈ જીવન ટૂંકાવી લીધા છે

શહેરના કોઠારીયા રોડ ઉપર ન્યુ સાગર સોસાયટીમાં રહેતા મોહિત દિલીપભાઈ સોલંકી નામના ૨૨ વર્ષીય દરજી યુવાને પોતાના રૂમમાં પંખાના હુકમ સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો સવારે પિતા ઉઠાડવા જતા દરવાજો ખખડાવવા છતાં નહિ ખોલતા દરવાજો તોડીને જોતા પુત્રનો લટકતો મૃતદેહ મળ્યો હતો બનાવની જાણ થતા ભકિતનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ ભરતસિંહ સોલંકી દોડી ગયા હતા પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઇમાં મોટો હતો અગાઉ જ્યાં નોકરી કરતો ત્યાં પગાર ઓછો હોવાથી ૧૦ દિવસ પહેલા નોકરી મૂકી દીધી હતી ત્યાર બાદ નોકરીની શોધમાં રખડતો હતો અને સતત ચિંતાતુર રહેતો હોવાથી આ જ કારણોસર આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે જયારે બેડી હડમતીયા ગામે પ્રવીણ ઉર્ફે ઠાકરશી લક્ષ્મણભાઇ મકવાણા નામના ૪૫ વર્ષીય કોળી પરોઢે ફાસો ખાઈ આપઘાત કરી લેતા કુવાડવાના હમીરભાઇ સબાડ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો તપાસ કરતા તેઓને બાઈક સ્લીપ થતા અકસ્માતે હાથમાં ઇજા થયા બાદ ફેન્સીંગ બાંધવાની મજૂરીકામ નહિ થઇ શક્તિ હોવાથી કંટાળીને આ પગલું ભરી લીધું હતું તેના મોતથી બે સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે જયારે નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતી અને ધોરણ ૯માં અભ્યાસ કરતી સંજના અજયભાઈ ઉદેશ નામની ૧૪ વર્ષીય છાત્રાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે પતરાની એંગલમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસ કાફલો દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી મૃતક સાંજના બે ભાઈઓની એકની એક બહેન હતી શિક્ષણ સાથે સીવણનું કામ પણ શીખતી હતી આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

કચ્છના પડાણા ગામે ૧૧ વર્ષની બાળાનો આપઘાત

મીઠીરોહરમાં યુવાને ફાંસોખાઈ મોત મીઠુ કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)ગાંધીધામ તા. ૧૩

કચ્છમાં દિવસે દિવસે આપઘાત અને અકસ્માતના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. તેવામાં ગાંધીધામ પંથકમાં સમાજ માટે ચિંતારૂપ કિસ્સો સામે આવ્યો છે તાલુકાના પડાણા ગામે માત્ર ૧૧ વર્ષની બાળકીએ ગળે ફાંસો ખાઈ જીંદગી ટુંકાવી દેતા સમગ્ર ગામમાં અરેરાટી છવાઈ ગઈ છે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ પડાણામાં મહિબેન રાજુભાઈ ભાભોર નામની ૧૧ વર્ષિય બાળકીએ પોતાના ઘરે અગમ્ય કારણોસર રસ્સી વડે ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હોવાનો બનાવ દર્જ થયો છે. બનાવ અંગે તપાસની પીએસઆઈ જી.બી. માજીરાણાને પુછતા જણાવેલ કે ૧૧ વર્ષની બાળકીએ ગળેફાંસો ખાધો છે મોતનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી તપાસ ચાલુમાં છે.

દરમિયાન મીઠીરોહર ગામે નવીનભાઈ અજાભાઈ રાઠોડ નામના ૨૫ વર્ષિય યુવાને ગળે ફાંસો ખાઈ જીંદગી ટુંકાવી હતી જે અંગે બી ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે તેમજ ગાંધીધામ શહેરમાં ટ્રાન્સપોર્ટ નગર પાસે આવેલ શંકર લોજીસ્ટ્રીક પાસેથી ફુલબાબુ અબ્દુલ હસન નામનો યુવાન બેભાન મળી આવ્યો હતો જેને રામબાગમાં લઈ જવાતા હોસ્પિટલના તબીબ દ્વારા મૃત જાહેર કરાયો હતો. તેથી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે.


આદિપુરમાં યુવકનો આપઘાત

આદિપુર શહેરની પોલીસ લાઈન નજીક રહેતા યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ પોતાનો જીવન ટુંકાવી લીધું હતું. આદિપુર પોલીસ લાઈન નજીક વિનાયક હોસ્પિટલ પાસે ઝુંપડામાં રહેતા અનિલ ભાઈચંદભાઈ દેવીપુજક (ઉ.વ.૨૦) નામના યુવાને બપોરે પોતાના ઘરે રસ્સી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યું હતું. આપઘાત પાછળના ચોક્કસ કારણો જાણવા મળ્યા નથી.

બાબરામાં ગરીબ મહિલાઓને મહિલા ફોજદારની ધોકાવાળી

વિડિયો વાયરલ થતાં ફોજદાર તાબડતોબ સસ્પેન્ડ

(પ્રતિનિધિ દ્વારા) બાબરા તા.૧૩



તસ્વીર ચિતરંજન છાટબાર

બાબરા શહેર મધ્ય માં ભરાતી અઠવાડિક બુધવારી બઝાર માં છેલ્લા કેટલાક સમય થી પોલીસ તંત્ર દ્વારા ચોરીચકારી,ટ્રાફિક સમસ્યા અને શોશ્યલ ડીસ્ટસ ના મુદ્દે વારમવાર હેરાનગતી થતી હોવાના અને સ્થાનિક નગરપાલિકા તંત્ર પાસે બુધવારી બઝાર મુદ્દે ઉઠતા પ્રશ્ન માટે યોગ્ય નિરાકરણ નહી હોવાથી મોટાભાગે બહારગામ અને સ્થાનિક વિસ્તાર માંથી પાથરણા પાથરી વેપાર કરી આજીવિકા ચલાવતા મધ્યમ વેપારી વચ્ચે દિનબદિન ઘર્ષણ વધવા ના બનાવો વચ્ચે આજે બુધવારી બઝાર ના મહિલા વેપારી વર્ગ ઉપર પોલીસે લાકડી ઓ ફટકારી દેતા વ્યાપક રોષ વચ્ચે પણ નાના વેપારી ના મુદ્દે ઉચ્ચ કક્ષા સુધી રજુવાત કરવા કોઈ આગળ નહી આવતા ચર્ચા નો વિષય બન્યો છે. જો કે એસ.પી.એ. મહિલા ફોજદાર ચોધરીને સસ્પેન્ડ કરવા હુકમ કરેલ છે.

મળતી વિગત મુજબ બાબરા શહેર કાળુભાર નદી કાઠા વિસ્તાર અને વોકરજોન સહિત બન્ને પુલ ઉપર બુધવાર ના દિવસે બાબરા ના સ્થાનિક અને બહારગામ થી આજીવિકા રળવા આવતા અંદાજીત ૧૫૦ જેટલા નાના મોટા વેપારીનો પાથરણા,લારી,પલંગ ઉપર વ્યાજબી ભાવે ઘર વપરાશ સહિત હેન્ડલુમ કાપડ પ્લાસ્ટિક ફ્રુટ કોસ્મેટીક સહિત નો વેપાર છેલ્લા ૨૦ વર્ષ થી ચાલે છે અને નગરપાલિકા વિસ્તાર માં લારી પાથરણા રાખી વેપાર કરતા વેપારી વર્ગ પાસે છેલ્લા ૧૦ માસ થી કોઈ ભાડું ઉઘરાવવા માં આવતું નથી

નાના અને મધ્યમ વર્ગ નો સમય સાચવી આપતી અને મોટાગજા ના શો રૂમો કરતા તદન વ્યાજબીભાવે વેપાર કરતા આ બુધવારી બઝાર માં બાબરા તાલુકા સહિત આજુબાજુ ના પંથક માંથી અંદાજીત ૫૦૦૦ થી વધુ ગ્રાહકો ની અવરજવર અને પોતાના બઝેટ માં જીવનજરૂરી ચીજ વસ્તુ મળી રહે છે છેલ્લા સમયે કોરોના મહામારી મુદ્દે આ બઝાર નો વેપાર ભાંગી પડ્યા બાદ લોક ડાઉન માં રાહત મળતા નાના વેપારી નો વ્યવસાય ધમધમાટ શરૂ થયો હતો જેમાં આજે સવારે સ્થાનિક ટ્રાફિક પોલીસ અને ટીઆરબી સ્ટાફે પ્રથમ રોફ જાટકી વેપારી વર્ગ ના ધંધા રોજગાર અડચણ હોવાનું કહી સ્થળ ફેર કરાવ્યા અને રાજકોટ ભાવનગર રોડ ઉપર વેપાર કરવા મોકલાયા બાદ ગણતરી ની કલાકો માં ત્યાંથી હટી જવા દમદાટી આપતા પેટીયુ રળવા આવેલા મધ્યમ વેપારી માટે જાયે તો જાયે કહાં તેવી સ્થિતિ વચ્ચે આજે બાબરા ગાયત્રી મંદિર નજીક એકઠી થયેલી મહિલા વેપારી વર્ગ ઉપર સ્થાનિક પોલીસ મથક માં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા મહિલા દિપીકા ચૌધરી દ્વારા દબંગીરી આદરી સિવિલ ડ્રેસ માં આવી મહિલા વર્ગ ને લાકડી વડે મારમારવા લાગ્યા હોવાનો વિડીઓ સામે આવ્યો હતો બીજી તરફ આ ઘટનાથી ઉહાપોહ મચી જતાં જિલ્લા પોલીસવડાએ મહિલા ફોજદાર દિપીકા ચોધરીને સસ્પેન્ડ કરી દીધેલ છે.

ભાવનગરમાંથી રૂ.૬૩ હજારની ૫૦૦ તથા ૨૦૦ના દરની બનાવટી નોટો ઝડપાઇ

નોટ વટાવવા આવેલા શખ્સને ઝડપી લેતી પોલીસ

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર તા.૧૩



ભાવનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ આર.આર.સેલ ના પોલીસ સબ ઇન્સ્પેકટર આર.એચ.બાર તથા સ્ટાફે સફળ ઓપરેશન કરી રૂપિયા ૬૩,૩૦૦/- ની ૫૦૦ તથા ૨૦૦ ના દરની ભારતીય ચલણી બનાવટી નોટો સાથે ભાવનગર, હલુરીયા ચોકમાંથી એક ઇસમને ઝડપી પાડેલ છે.

આ બનાવની વિગત એવી છે કે ભાવનગર આર.આર.સેલના સ્ટાફના માણસોને મળેલ બાતમી આધારે આર.આર.સેલ તથા પેરોલ ફર્લો સ્કોર્ડના અધિકારી તથા સ્ટાફે સફળ ઓપરેશન કરેલ જેમા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી સલમાન સલીમભાઇ પીરાણી રહેવાસી- જોગીવાડની ટાંકી, રૂવાપરી રોડ મેમણ જમાતખાના ભાવનગર વાળો હલુરીયા ચોક ખાતે ડુપ્લીકેટ નોટો વટાવવા આવેલ છે. જે બાતમી આધારે આરોપી સલમાનભાઇ સલીમભાઇ પીરાણી/ મેમણ ઉ.વ.૨૮, ધંધો-કમ્પાઉન્ડર રહેવાસી-જોગીવાડની ટાંકી, રૂવાપરી રોડ મેમણ જમાતખાનામાં ભાવનગર વાળાને ઝડપી પાડેલ આરોપી પાસેથી બનાવટી ભારતીય ચલણી નોટો રૂપિયા ૬૩,૩૦૦/- ની ઝડપી પાડેલ જેમા રૂપિયા ૫૦૦ ના દરની નોટ નંગ-૭૩ તથા રૂપિયા ૨૦૦ ના દરની નોટ નંગ-૧૩૪ છે. તેમજ આરોપી પાસેથી મોબાઇલ ફોન તથા રોકડ રૂપિયા સહિત ૫.૬૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ જેના વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરી ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં આ બાબતે હેડકોન્સ. યોગેન્દ્રસિંહ ગોહીલ નાઓએ ગુન્હો રજીસ્ટર કરાવેલ હતો

આ સમગ્ર કાર્યવાહી દરમ્યાન ઋ.જ.ક. અધિકારીશ્રી આર.સી.પંડયા દ્વારા નોટોનુ પરીક્ષણ કરી ઉત્કૃષ્ટ માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ

આમ ભાવનગર આર.આર.સેલ તથા પેરોલ ફર્લો સ્કોર્ડએ સફળ ઓપરેશન કરી ભારતીય અર્થતંત્રને નુકશાન પહોંચાડી ખોખલુ કરવાનો બદઇરાદો રાખનાર ઇસમને બનાવટી નોટો સાથે ઝડપી પાડેલ છે.

આ સમગ્ર કામગીરીને સફળ બનાવવામાં આર.આર.સેલના પોલીસ સબ ઇન્સ્પેકટર આર.એચ.બાર તથા સ્ટાફના માણસો એ.એસ.આઇ. પ્રદીપસિંહ સરવૈયા તથા હેડ કોન્સ. યોગેન્દ્રસિંહ ગોહિલ તથા જીતેન્દ્રસિંહ જાડેજા તથા અર્જુનસિંહ ગોહીલ તથા પોલીસ કોન્સ. સોહિલભાઇ ચોકીયા તથા જગદેવસિંહ ઝાલા તથા નિતિનભાઇ ખટાણા તથા ડ્રાઇવર ગોપીદાન ગઢવી જોડાયા હતા.

પોરબંદર – છાંયા નગરપાલિકા

–:: ઈ–ટેન્ડરીંગ નિવિદા::–

ચીફ ઓફીસર, પોરબંદર – છાંયા નગરપાલિકા દવારા રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી નીચેના કામના ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

૧૪ માં નાણાપંચ ગ્રાંટ

ક્રમ	કામની વિગત	અંદાજીત રકમ	ઈએમડી	ટેન્ડર ફી
૧	છાંયાના જુદા જુદા વિસ્તારમાં ભૂગર્ભ ગટર (હાઉસ ચેમ્બર તથા મેન હોલ) નું કામ	૪૨૨૦૬૭૯/–	૪૨૨૧૦/–	૪૨૨૧/–

ઈએમડી તથા ડોકયુમેન્ટ ફી ચીફ ઓફીસર, પોરબંદર – છાંયા નગરપાલિકાની તરફેણમાં ભરવાની રહેશે. સદરહુ કામની ટેન્ડર ડોકયુમેન્ટ તથા ટેન્ડરને લગતી વધુ માહિતી માટે http://www.nagarpalika.nprocure.com પર લોગ ઓન કરવુ અથવા પોરબંદર નગરપાલિકાની બાંધકામ શાખાનો સંપર્ક કરવો ભરેલ ટેન્ડર ઈલેકટ્રોનીક ફોર્મેટમાં વેબ સાઈટ http://www.nagarpalika.nprocure.com પર ડીજીટલ સહી સાથે ઓન લાઈન સબમીટ કરવાનું રહેશે. તા.૧૨.૦૧.૨૦૨૧ થી ટેન્ડર ઓનલાઈન જોઈ શકાશે. ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૨૭.૦૧.૨૦૨૧ છે. અને ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીટ કરવા ની છેલ્લી તા. ૦૩.૦૨.૨૦૨૧ છે. ઓનલાઈન ટેકનીકલબીડ તા.૦૪.૦૨.૨૦૨૧ ને બપોરના ૧૧ : ૦૦ કલાકે ખોલવામાં આવશે. તથા ઓનલાઈન પ્રાઈઝબિડ તા. ૦૫.૦૨.૨૦૨૧ ને બપોરના ૧૨:૩૦ કલાકે ખોલવામાં આવશે.

સહી : એચ. બી. પટેલ
ચીફ ઓફિસર
પોરબંદર – છાંયા નગરપાલિકા
પોરબંદર

સહી : કે.વી.બાટી
વહીવટદાર
પોરબંદર – છાંયા નગરપાલિકા
પોરબંદર

ફોર્મ-સીએએ-૨

(કંપની (સમજૂતીઓ, વ્યવસ્થાઓ અને એકીકરણો) નિયમો, ૨૦૧૬ની કલમ ૨૩૦(૩) અને નિયમ ૬ અનુસાર)

ધ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ પીઠ સમક્ષ

કંપની સ્કીમ એપ્લીકેશન ક્રમાંક સીએ (સીએએ) ક્રમાંક ૨૦૨૦ ના નં. ૮૪

કંપનીઝ એક્ટ ૨૦૧૩ ના સંદર્ભમાં અને કંપનીઝ એક્ટ ૨૦૧૩ ના ૨૩૦ થી ૨૩૨ સુધીના વિભાગો સંદર્ભે અને કંપનીઝ એક્ટના અન્ય લાગુ પડતા પ્રોવિઝન અનુસંધાને

ભદ્રા ટેકસટાઇલ્સ એન્ડ ટ્રેડીંગ પ્રાઇવેટ લીમીટેડ અને વિલા ટ્રેડીંગ કંપની પ્રાઇવેટ લીમીટેડ ના ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ સાથે એકીકરણના સંદર્ભમાં

ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ......... અરજદાર કંપની

ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડના બીન સુરક્ષીત ઋણદાતાઓ માટે નોટીસ અને મીટીંગ બાબતની જાણ અર્થે જાહેર ખબર

આથી નોટીસ આપવામાં આવે છે કે, ઉપરોકત કંપનીની સ્કીમ એપ્લીકેશન (ધ'ઓર્ડર')માં તા. ૧૮ મી ડીસેમ્બર ૨૦૨૦ ના હુકમ દ્વારા, નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ પીઠ ('એનસીએલટી' અથવા 'ટ્રીબ્યુનલ')એ સાથે સાથે નિર્દેશ આપેલ છે કે, ભદ્રા ટેકસટાઇલ્સ એન્ડ ટ્રેડીંગ પ્રાઇવેટ લીમીટેડ ('ભદ્રા' અથવા 'ધ ટ્રાન્સફરર કંપની-૧') અને વિલા ટ્રેડીંગ કંપની પ્રાઇવેટ લીમીટેડ ('વીટીસીપીએલ' અથવા 'ધ ટ્રાન્સફરર કંપની-૨') ના ગુજરાત સિધ્ધી સિમેન્ટ લીમીટેડ ('ધ ટ્રાન્સફરી કંપની') સાથે તથા તેઓના સંબંધિત શેરધારકો તથા ઋણદાતાઓના એકીકરણની પ્રસ્તાવિત યોજના ('ધ સ્કીમ') અંગે વિચારણા કરવા તથા જો યોગ્ય જણાય તો, તેને બહાલી આપવા માટે તા. ૨૨ મી ફેબ્રુઆરી ૨૦૨૧ સોમવાર ના રોજ બપોરે ૩:૩૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ,સિધ્ધી ગ્રામ, પીઓ-પ્રશ્નાવાડા, બીઓ, વાયા સુત્રાપાડા, એસઓ (તાલુકા), પીન કોડ ૩૬૨૨૭૫, જીલ્લા ગીરસોમનાથ, ગુજરાત ખાતે કંપનીના બીન સુરક્ષિત ઋણદાતાઓની સભા બોલાવવામાં આવે.

નિર્ધારીત મીટીંગના સંદર્ભમાં નોટીસ તેમજ ખુલાસાત્મક સ્ટેટમેન્ટ, ધ સ્કીમ, પ્રોકસીનું ફોર્મ, હાજરી પત્રકને ટ્રાન્સફરી કંપની ના દરેક અસલામત લેણદારો કે જેઓનું અસુરક્ષિત દેવું છે તેઓને તા. ૩૦ નવેમ્બર ૨૦૨૦ ના રોજ પરવાનગી મુજબના રજીસ્ટર્ડ એડી./સ્પીડપોસ્ટ દ્વારા તેઓના છેલ્લા જાણવામાં મળેલ સરનામાએ મોકલી આપેલ છે તેમજ આ નોટીસને અસલામત લેણદારો કે જેઓના ઇ-મેઇલ એડ્રેસ કંપનીમાં નોંધાયેલા છે તેઓને ઇ-મેઇલ દ્વારા પણ મોકલી અપાયેલ છે.

ટ્રાન્સફરી કંપનીના આવા બિનસુરક્ષિત ઋણદાતા, ટ્રીબ્યુનલ દ્વારા બોલાવવામાં આવેલી બિનસુરક્ષિત ઋણદાતાઓની સભામાં રૂબરૂ અથવા પ્રોકસી દ્વારા અથવા (બિન સુરક્ષિત ઋણદાતા બોડી કોર્પોરેટ હોય તેવા કિસ્સામાં) અધિકૃત પ્રતિનિધિ દ્વારા હાજરી આપી શકશે અને મત પણ આપી શકશે. જયાં બોડી કોર્પોરેટ બિનસુરક્ષિત ઋણદાતા હોય ત્યાં બોડી કોર્પોરેટ સભામાં તેના પ્રતિનિધિ તરીકે કામ કરવાને કોઇ વ્યક્તિને અધિકૃત કરે છે તેવા કિસ્સામાં સભામાં તેના પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે આવી વ્યક્તિને અધિકૃત કરવા આવા બોડી કોર્પોરેટના બોર્ડ ઓફ ડીરેકટર અથવા અન્ય શાસન સમિતિના ઠરાવની નકલ અને આવા બોડી કોર્પોરેટના ડીરેકટર, સેક્રેટરી અથવા અન્ય અધિકૃત અધિકારી દ્વારા પ્રમાણિત ખરી નકલ ટ્રાન્સફરી કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફીસે સભાના નિર્ધારીત સમય પહેલા ૪૮ કલાકથી મોડું નહીં તે રીતે રજુ કરવાની રહેશે. સભામાં હાજરી આપવા અને મત આપવા માટે હકદાર આવા બિનસુરક્ષિત ઋણદાતા મતદાન માટે તેમના વતિ હાજરી આપવા અને મત આપવા માટે પ્રોકસીની નિમણુંક કરવાને હકદાર છે અને પ્રોકસી બિનસુરક્ષિત ઋણદાતા હોવાનું જરૂરી નથી. પ્રોકસી વિધિ માન્ય અને અસરકારક બને એ માટે પ્રોકસીનું નિયત ફોર્મ, યોગ્ય વિગતો ભરેલ, સભામાં હાજરી આપવા અને મત આપવા માટે હકકદાર વ્યક્તિ દ્વારા સ્વહસ્તાક્ષરકૃત અને મહોર લગાવેલ અથવા પ્રમાણિત કરેલ હોવું જોઇએ અને ટ્રાન્સફરી કંપનીની રજીસ્ટર ઓફીસે સભાના નિયત સમય પહેલા ૪૮ કલાકથી ઓછો નહીં તેટલા સમયમાં જમા કરાવવું જોઇએ. પ્રોકસી ફોર્મ ટ્રાન્સફરી કંપનીની રજીસ્ટર્ડ ઓફીસેથી (રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) કોઈપણ દિવસે વિનામૂલ્યે ટ્રાન્સફરી કંપનીની રજીસ્ટર્ડ ઓફીસથી મેળવી શકશે.

એ નોંધ લેવી જોઇએ કે, મતપત્રક દ્વારા મતદાનની સુવિધા સભાના સ્થળે પુરી પાડવામાં આવશે.

આ નોટીસ અને તેના સંદર્ભ સાથેના અન્ય દસ્તાવેજો દર્શાવતી તમામ વિગતો ટ્રાન્સફરી કંપનીની વેબસાઇટ http://gscl.mehtagroup.com/investors/scheme-of-amalgamation ઉપર પણ જોઇ શકાશે.

જો આ સ્કીમને બિન સુરક્ષિત ઋણદાતાઓ દ્વારા માન્ય કરવામાં આવશે તો ત્યારબાદ માનન્ય ટ્રીબ્યુનલ દ્વારા માન્યતા પ્રાપ્ત કરવાને આધિન રહેશે.

ઘોષણા કરવામાં આવ્યા બાદ તુરંત ઘોષિત પરિણામોને, નિરીક્ષકના અહેવાલ સાથે કંપનીની વેબસાઇટ http://gscl.mehtagroup.com/investors/scheme-of-amalgamation પર મુકવામાં આવશે. પરિણામોને કંપનીના ઇક્વિટ શેર જયાં લીસ્ટ થયેલા છે તેને એટલે કે બીએસઇ લીમીટેડ www.bseindia.com અને નેશનલ સ્ટોકએકસચેન્જ ઓફ ઇન્ડિયા લીમીટેડની વેબસાઇટ www.nseindia.com પર તુરંત મોકલવામાં આવશે અને કંપનીની રજીસ્ટર્ડ ઓફીસે નોટીસ બોર્ડ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.

આજ ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ના દિવસે

રજીસ્ટર્ડ ઓફીસ :

સિધ્ધીગ્રામ, PO- પ્રશ્નાવાડા BO, વાયા સુત્રાપાડા
SO (તાલુકા), પિન : ૩૬૨૨૭૫, જીલ્લો ગીર - સોમનાથ, ગુજરાત
E-mail : gsclinvestorquery@mehtagroup.com
Website : www.gujaratsidheecementlimited.com
(CIN : L26940GJ1973PLC002245)

સહી/-
રવિ કપુર
સભા માટે નિયુકત અધ્યક્ષ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમિત કચેરી- રાજકોટ તરફથી ઉતરાયણ નિમિતે સલામતીનો સંદેશ

માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉત્તરાયણ પૂર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો /મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા નમ્ર વિનંતી છે.

- પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢશો નહી. વીજળીના તાર કે કેબલને અડકશો નહિ.
- વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહી. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં મોટા ભડાકા થવાની, તાર તુટી જવાની, અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો (ઉપકરણો) બળી જવાની સંભાવના રહે છે.
- થાંભલા કે વીજળીના તારમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે.
- ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે.
- નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો.
- ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે, જેથી અંધારપટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે.
- વિજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીક થી પતંગ ઉડાડશો નહી.



નસીબ બચાવે કોઈકવાર
સુરક્ષા બચાવે વારંવાર



જીવંત વિજરેષા સાથે રમત એટલે
જિંદગી સાથે રમત

ઉપરોકત સુચનો યાદ રાખી અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા.

મુખ્ય ઈજનેર (ટેકનીકલ)
પીજીવીસીએલ, રાજકોટ

વીજ ફરિયાદ માટે ટોલ ફ્રી નંબર
૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ / વોટ્સએપ: ૯૫૧૨૦-૧૯૧૨૨
॥ પોતાના તેમજ રાષ્ટ્રના હીત માટે વીજળી બચાવો.॥

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી
લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૪
Phone (0281)-2370661,2370662,2370665
Fax: 2370568

CIN U40102GJ2003SGC042908

PGVCL Customer Care Centre Toll Free No. 1800 233 155333 & 19122

ટેન્ડર નોટીસ નં: આરઆરસી/ટેક-૨/જાહેરાત/૨૦-૨૧/૯. ધોરાજી શહેર પે.વી. કચેરી માં એસઆઈ સ્કીમ હેઠળ એચટી, એલટી અને ટીસી ઉભું તથા મેન્ટેનન્સનું કામ (ઈ-ટેન્ડર). ધોરાજી શહેર પે.વી. કચેરી હેઠળ ટીસી ના અર્થિંગ નું રીએકટીવેશન નું કામ(ઈ-ટેન્ડર). ભાયાવદર પે.વી કચેરી હેઠળ ફેઇલ ટીસી બદલવાનું અને ટીસી ની ક્ષમતા વધારવા-ઘટાડવા નું કામ. રોણકી પે.વી કચેરી હેઠળ અલગ અલગ કામ માટે ક્લોસડ બોડી ગાડી ભાડે રાખવાનું કામ (ઈ-ટેન્ડર). રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ એચટી, એલટી અને ટીસી ઉભું તથા મેન્ટેનન્સનું કામ (ઈ-ટેન્ડર). કુવાડવા પે.વી કચેરી હેઠળ ૧/૩ ફેસ મીટર, એમએમબી, સર્વિસ બદલવાનું અને લગાડવાનું કામ (ઈ-ટેન્ડર). લોધિકા પે.વી કચેરી હેઠળ ૧/૩ ફેસ મીટર, સર્વીસ, એમએમબી લગાડવાનું તથા બદલવાનું અને જંકશન બોક્ષ, ડ્રોપર ને લાગતું કામ, ટીસી પીલ્ફેર પ્રોફિંગ, રેકટીફીકેશન, મીસેલીયલ્સ કમ્પલેન નું કામ(ઈ-ટેન્ડર). ગોંડલ પોલ ફેક્ટરીમાંથી પીજીવીસીએલની કોઇપણ પોલ ફેક્ટરીમાં ૮ મીટર ના ૮૦૦૦ નંગ પોલ કાર્ટિંગનું કામ (ઈ-ટેન્ડર). જામકંડોરણા પોલ ફેક્ટરીમાંથી પીજીવીસીએલની કોઇપણ પોલ ફેક્ટરીમાં ૮ મીટર ના ૮૦૦૦ નંગ પોલ કાર્ટિંગનું કામ (ઈ-ટેન્ડર). ગનોદ પોલ ફેક્ટરીમાંથી પીજીવીસીએલની કોઇપણ પોલ ફેક્ટરીમાં ૮ મીટર ના ૧૦૦૦૦ નંગ પોલ કાર્ટિંગનું કામ (ઈ-ટેન્ડર). સુપેડી પોલ ફેક્ટરીમાંથી પીજીવીસીએલની કોઇપણ પોલ ફેક્ટરીમાં ૮ મીટર ના ૮૦૦૦ નંગ પોલ કાર્ટિંગનું કામ (ઈ-ટેન્ડર). રામપર બેટી પોલ ફેક્ટરીમાંથી પીજીવીસીએલની કોઇપણ પોલ ફેક્ટરીમાં ૮ મીટર ના ૮૦૦૦ નંગ પોલ કાર્ટિંગનું કામ (ઈ-ટેન્ડર). દેરડી પોલ ફેક્ટરીમાંથી પીજીવીસીએલની કોઇપણ પોલ ફેક્ટરીમાં ૮ મીટર ના ૧૦૦૦૦ નંગ પોલ કાર્ટિંગનું કામ (ઈ-ટેન્ડર). ભાયાવદર પે.વી. કચેરી માં અલગ-અલગ સ્કીમ હેઠળ એચટી, એલટી અને ટીસી ઉભું તથા મેન્ટેનન્સનું કામ (ઈ-ટેન્ડર). જેતપુર શહેર, જેતપુર ગ્રામ્ય, નવાગઢ, જામકંડોરણા-૧, જામકંડોરણા-૨ પે.વિ કચેરી હેઠળ એચટી, એલટી, ટીસી ઉભું તથા મેન્ટેનન્સ નું કામ (ઈ-ટેન્ડર). જેતપુર ગ્રામ્ય, નવાગઢ, જામકંડોરણા-૧, જામકંડોરણા-૨ પે.વિ કચેરી માં એસકેજેવાય સ્કીમ હેઠળ એચટી, એલટી, ટીસી ઉભું તથા મેન્ટેનન્સ નું કામ (ઈ-ટેન્ડર). ધોરાજી વિભાગીય કચેરી હેઠળ અર્થિંગ કોઈલ નું કામ. ધોરાજી વિભાગીય કચેરી હેઠળ ફેબ્રીકેશન કટીંગ નું કામ. ધોરાજી વિભાગીય કચેરી હેઠળ બીલ બૂક, બેચ કાર્ડ, અલગ અલગ પ્રકાર ના રજીસ્ટર અને પર્ફોરમાં પ્રિન્ટીંગ નું કામ. પારડી પે.વી કચેરી હેઠળ ૧/૩ ફેસ મીટર લગાડવાનું તથા બદલવાનું અને મીસેલીયલ્સ કમ્પલેન, ગ્રાહક નંબર, પ્લેટ નું કામ, અર્થિંગ નું કામ (ઈ-ટેન્ડર). ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ હેઠળ જુનિયર ઇજનેર (આઈસી) માટે ગાડી ભાડે રાખવાનું કામ.

અધિક્ષક ઇજનેર, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ